પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૯૯ | ૧૯ જુન, ૨૦૧૯, બુધવાર; જયેષ્ઠ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજયમાં સર્વત્ર મેઘ મહેર

**ગીર-સોમનાથમાં ચાર ઈંચથી વધુ વરસાદથી નદીઓમાં ઘોડાપૂર : ૨૩ તાલુકાઓમાં સવાથી અડધા ઇંચ સુધીનો વરસાદ : ઉનામાં ટુંકાગાળામાં જ ત્રણ ઇંચથી વધુ વરસાદ : અનેક જગ્યાઓએ જળબંબાકારની સ્થિતિ રહી : અમદાવાદ - ગાંધીનગરમાં પણ તોફાની વરસાદ**

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં પણ સતત સાર્વત્રિક વરસાદ થયો છે. અનેક વિસ્તારમાં ત્રણ ઇંચ સુધીનો વરસાદ નોંધાયો છે. ઉનામાં ત્રણ ઇંચથી વધુ વરસાદ ખાબકી ગયો છે. આજે સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ થયો હતો. બીજી બાજુ કચ્છ ઉપર લો પ્રેશરની સ્થિતિ સર્જાયેલી છે. હાલમાં દક્ષિણ પશ્ચિમ પાકિસ્તાન ઉપર આ સ્થિતિ કેન્દ્રિત થઈ છે. છેલ્લા ૨૪ કલાકની વાત કરવામાં આવે તો રાજયના ૨૩ તાલુકાઓમાં સવાથી અડધા ઈંચ સુધી વરસાદ થયો છે. ગીર સોમનાથ જિલ્લામાં સૌથી વધુ વરસાદ થયો છે. તળાળામાં એક ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. છેલ્લા ચાર-પાંચ દિવસથી સૌરાષ્ટ્ર સહિત ગુજરાતભરમાં વરસાદી માહોલ છવાયો છે. મેઘરાજા મહેરબાન થતાં ઉત્તર, મધ્ય, દક્ષિણ અને સૌરાષ્ટ્ર પંથકમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. ગીર-સોમનાથ પંથકમાં ચાર ઈંચથી વધુ ભારે વરસાદના કારણે નદી-નાળાઓમાં પૂર આવ્યા છે. તો, તળાવો અને ચેકડેમોમાં પાણીની આવક વધતાં જાણે છલકાયા છે. વરસાદી મહેરને લઈ રાજયના ખેડૂતોમાં પણ ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૨૩ તાલુકાઓમાં સવાથી અડધો ઈંચ જ્યારે ૮૭ તાલુકાઓમાં ૧૧થી ૧મી.મી સુધીનો વરસાદ નોંધાયો હતો. આમ, રાજયમાં આજે ૧૧૮થી વધુ તાલુકાઓમાં ભારેથી અતિ ભારે વરસાદ નોંધાતા સાર્વિત્રક વરસાદ નોંધાયો હતો.

આજે વહેલી સવારથી જ અમદાવાદ, ગાંધીનગર ઉપરાંત

● અનુસંધાન પાન-૭ પર

## અતિ ભારે વરસાદની આગાહી

ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની ચેતવણી અકબંધ રાખવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને ખાસ કરીને ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર અને દિવમાં ભારે વરસાદ થયો છે. બીજી બાજુ ઉત્તર ગુજરાત અને ખાસ કરીને બનાસકાંઠા, પાટણ અને સાબરકાંઠામાં પણ ભારેથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. વરસાદી માહોલ હાલમાં અકબંધ રહી શકે છે જેમાં અમદાવાદ-ગાંધીનગરનો પણ સમાવેશ થઈ શકે છે. મોનસુન જેવી સ્થિતિ જોવા મળી રહી છે.

## કસ્ટમ, સેન્ટ્રલ એક્સાઈઝના ૧૫ અધિકારીઓને નિવૃત્ત કરી દેવાયા

**ભ્રષ્ટાચાર, લાંચ, ખંડણી મામલે મોદી સરકારની કઠોર કાર્યવાહી : ઇન્કમટેક્સ અધિકારીઓ સામે કાર્યવાહી બાદ મોદી સરકાર હવે ભ્રષ્ટાચારી અધિકારીઓ સામે કઠોર કાર્યવાહી કરવાના મૂડમાં : અધિકારીઓમાં ફફડાટ**

નવીદિલ્હી, તા. ૧૮

મોદી સરકારે પોતાની બીજી અવધિમાં ભ્રષ્ટ અધિકારીઓ સામે આક્રમક કાર્યવાહી કરવાના મૂડમાં દેખાઈ રહી છે. ઈન્કમટેક્સના અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવ્યા બાદ સરકારે આજે ૧૫થી વધુ સિનિયર કસ્ટમ અને સેન્ટ્રલ એક્સાઈઝના અધિકારીઓ સામે પણ કાર્યવાહી કરી હતી. ૧૫થી વધુ કસ્ટમ અને એક્સાઈઝ અધિકારીઓને ભ્રષ્ટાચાર અને લાંચના આરોપસર ફરજિયાતપણે રિટાયર્ડ કરી દેવામાં આવ્યા છે. આ અધિકારીઓમાં એક પ્રિન્સિપલ

● અનુસંધાન પાન-૭ પર

## લોકસભાના અધ્યક્ષ પદ માટે ઓમ બિરલા એનડીએના ઉમેદવાર

નવી દિલ્હી, તા. ૧૮


૧૭મી લોકસભામાં એનડીએ દ્વારા લોકસભા અધ્યક્ષ પદ માટે પોતાના ઉમેદવાર નક્કી કરી લીધા છે. સુત્રોના કહેવા મુજબ રાજસ્થાનના કોટા-બુંદી લોકસભા ક્ષેત્રમાંથી ભાજપના સાંસદ ઓમ બિરલા લોકસભા સ્પીકર પદ માટે ઉમેદવાર રહેશે. લોકસભા સચિવાલયના સુત્રોએ કહ્યું છે કે, આ હોદ્દા માટે બિરલા તરફથી તેમની દાવેદારીની નોટિસ મળી ગઈ છે. રાજસ્થાનના ૧૩મી લોકસભાની અવધિ દરમિયાન તેઓએ ૫૦૦ સવાલ કર્યા હતા. વિધાનસભામાં ચર્ચા દરમિયાન સક્રિયરીતે હિસ્સો લેવા બદલ બિડલાને સન્માન મળ્યું હતું અને તેમનું નામ સંસદમાં તારલામાં સામેલ કરવામાં આવ્યા હતા. રાજનેતા હોવાની સાથે સાથે ઓમ



બિરલા એક કારોબારી પણ રહ્યા છે. કેન્દ્રની રાજનીતિમાં આવતા પહેલા બિરલા રાજસ્થાનની રાજનીતિમાં સક્રિય રહ્યા છે. કોટા દક્ષિણ સીટ પરથી ત્રણ વખત ચૂંટાઈ આવ્યા હતા. ૨૦૦૩માં જ્યારે વસુંધરા રાજેની સરકાર બની હતી ત્યારે તેમને સંસદીય સચિવ તરીકેની જવાબદારી સોંપવામાં આવી હતી. ત્યારબાદ ૨૦૦૮માં ફરીવાર ચૂંટાઈ આવ્યા હતા. ૨૦૧૩માં સતત ત્રીજીવાર ઓમ બિડલા વિધાનસભાને પાર કરવામાં સફળ રહ્યા હતા.

ભાજપે કોટા-બુંદી સંસદીય સીટ પરથી તેમને પોતાના ઉમેદવાર બનાવ્યા હતા અને પ્રથમ વખત સાંસદ બન્યા હતા. ૫૬ વર્ષીય ઓમ બિરલા સતત બીજી વખત લોકસભા ચૂંટણી જીતી ગયા છે.

ઝાયડસ હૉસ્પિટલ, અમદાવાદ દ્વારા
ગાંધીનગરમાં નિયમિત ઓપીડી
Zydus Hospitals
A Complete Hospital



પેટ, આંતરડા અને લીવરના રોગોના સર્જન
ડૉ. વિશાલ સોની
MS, Fellow (GI Surgery) FMAS, DMAS, FALS, FIAGES
પેટ, આંતરડા, લીવરની બીમારીઓના લક્ષણો
- પિત્તાશયમાં સોજો / પથરી
- હર્નિયા
- પેટના કેન્સરની ગાંઠ
- મળમાર્ગની તકલીફો
- એપેન્ડિક્સમાં સોજો
- એસીડીટી, પેટમાં દુઃખાવો
- ઝાડામાં / ઉલ્ટીમાં લોહી પડવું
- સ્વાદુપિંડમાં સોજો, પથરી અથવા ઈન્ફેક્શન

*દૂરબીન દ્વારા ઓપરેશન (લેપ્રોસ્કોપી સર્જરી)
તારીખ: 20-06-2019 (ગુરૂવાર) | સમય: સવારે 10:00 થી બપોરે 12:00
સ્થળ: તેજસ સર્જીકલ હૉસ્પિટલ
પથીકા બસ સ્ટેન્ડ પાસે, સેકટર-7-C, પ્લોટ નં. 951/1, ગાંધીનગર
ડૉ. વિશાલ સોની દર મહિનાના પહેલા અને ત્રીજા ગુરુવારે ઓપીડીમાં મળશે.
રજીસ્ટ્રેશન માટે સંપર્ક : સચીન જયસ્વાલ - +91 97228 36076
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
ઝાયડસ હૉસ્પિટલ, સોલા બ્રિજ પાસે, એસ.જી.હાઈવે, થલતેજ, અમદાવાદ-54 | 24x7 ઈમરજન્સી નં.: +91 78744 12345
*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.

**એકાઉન્ટન્ટ અને ઈન્સ્પેક્ટર જોઈએ છે**

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગાંધીનગર
ટે.નં. ૦૯૯૭૯૦૧૨૨૦૩

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગાંધીનગરમાં એકાઉન્ટન્ટ - ૧ અને ઈન્સ્પેક્ટર - ૧ની ભરતી કરવાની છે.

**ઉમેદવારની લાયકાત :**
બી.કોમ., ટેલીના જાણકાર, અંગ્રેજી / ગુજરાતી જાણકાર, કોમ્પ્યુટરના જાણકાર

**વય મર્યાદા :**
૧૮ વર્ષથી ૨૭ વર્ષ સુધી. પરંતુ આ ક્ષેત્રે નોકરીનો ૩ વર્ષનો અનુભવ હોય તેને માટે વયમર્યાદામાં છુટ-છાટ મુકવામાં આવશે.

ઉમેદવારોએ સ્વહસ્તાક્ષરમાં તમામ પ્રમાણિત પ્રમાણપત્રોની નકલો સાથે તા. ૨૯/૬/૨૦૧૯ સુધીમાં મળે તે રીતે અરજદારોએ અરજી મોકલવી.

**અરજી મોકલવાનું સ્થળ :**
**આલમપુર શાકમાર્કેટ ઓફીસ**
મુ. આલમપુર, તા.જી. ગાંધીનગર,
BSF ARMY કેમ્પની સામે - ૩૮૨૦૪૨

**ઓફીસ સમય :**
સોમથી શુક્ર સવારે ૯-૦૦ થી ૪-૦૦ કલાક અને
શનિવાર સવારે ૯-૦૦ થી ૧-૦૦ કલાકનો રહેશે.
(જાહેર રજા સિવાય)

| અશોકભાઈ એચ. પટેલ | અનિલસિંહ એમ. વાઘેલા | યજ્ઞેશ એન. પટેલ |
|---|---|---|
| ચેરમેન | વા. ચેરમેન | સેક્રેટરી |

## દુઃખદ નિધન

જવાનું તો બધાએ હોય જ છે,
ઠીક નથી તમારી ઉતાવળની રીત -
અણધારી બુઝાઈ જ્યોતિ અને વિલાઈ ફોરમ...

વજથી પણ કઠોર વ્યક્તિત્વ ભાસે
પણ વાસ્તવમાં પુષ્પથી પણ કોમળ
એવા પ્રેમાળ, પરગજુ અને પુરૂષાર્થી,
અમારા પરિવારના મોભી - પૂર્વ પ્રમુખ
**શ્રી જ્યોતિન્દ્રભાઈ વ્યાસ**ને
અશ્રુભરી આંખે પ્રેમપૂર્વક અંજલી...

**ગાંધીનગર કલ્ચરલ ફોરમ પરિવાર**



**જ્યોતિન્દ્રભાઈ વ્યાસ**
જન્મ તા. ૩.૧૨.૧૯૫૧ | નિધન તા. ૧૮.૬.૨૦૧૯

**ખાસ નોંધ**

સ્વ.શ્રી જ્યોતિન્દ્રભાઈ વ્યાસના પાર્થિવ દેહની અંતિમયાત્રા
તા.૧૯.૬.૨૦૧૯ ને બુધવારે
તેમના નિવાસસ્થાન
પ્લોટ નં. ૧૨/સી, સેક્ટર - ૨/એ, ગાંધીનગરથી
સવારે ૯.૦૦ કલાકે નીકળશે.
અંતિમ સંસ્કાર સેક્ટર-૩૦ સ્મશાનગૃહ ખાતે થશે.

PARAM